## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પપ્પા... પતંગ લાવ્યા...? ન્યુઝ પેપરમાં આટલું નુકસાન થાય છે... તો પણ નથી સમજતા...!!

# કલોલમાં બેંક ખોલી કરોડોનું ચીટીંગ કરનાર મુખ્ય સૂત્રધાર ઝડપાયો

### અર્બુદા ક્રેડીટ સોસાયટી નામની બેંક ખોલીને કરોડોનું ફુલેકુ ફેરવ્યું હતું : એલસીબીની ટીમે આરોપીને દબોચી લીધો

ગાંધીનગર, તા.૫

માઉન્ટ આબુના ચારેક શખ્સોએ મળીને અર્બુદા ક્રેડીટ કો.ઓ.લી. નામની બેંક ખોલી બેંકની લોભામણી જાહેરાતો આપી ગ્રાહકો પાસેથી રૂ. ૧.૧૩ કરોડનું ફુલેકું ફેરવી દીધું હતું. કલોલમાં માર્ચ ૨૦૧૭માં થયેલી આ છેતરપીંડીના ફરિયાદના ગુનામાં વોન્ટેડ મુખ્ય સુત્રધારને ગઈ કાલે ગાંધીનગર એલસીબીની ટીમે દબોચી લીધો હતો. આરોપીની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

કલોલ શહેર પોલિસ સ્ટેશનમાં માર્ચ ૨૦૧૭માં માઉન્ટ આબુના ચાર શખ્સો રાકેશ ઉર્ફે બોબી દેવેન્દ્ર અગ્રવાલ, દેવેન્દ્ર અગ્રવાલ, આશા રાકેશ અગ્રવાલ અને મેહર પ્રબલસિંહ ઠાકુર મળી ચાર શખ્સો સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી મુજબ ગુનો દાખલ થયો હતો.

કલોલ શહેરમાં પ્લેટીનીયમ પ્લાઝા, નવજીવન શોપીંગ ખાતે અર્બુદા ક્રેડીટ સોસાયટી બેંક ખોલી આ શખ્સોએ રૂ. ૧,૧૨,૮૬,૩૮૩નું ઉઘરાણું કરી બેંકને રાતોરાત તાળા મારી ફુલેકુ ફેરવી દીધું હતું. આ ગુનામાં વોન્ટેડ મુખ્ય સુત્રધાર રાકેશ ઉર્ફે બોબી અગ્રવાલની ગાંધીનગર એસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે ધરપકડ કરી ઊંડી પુછપરછ શરુ કરી છે. આ આરોપી સામે માણસા પોલિસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાયેલો છે. તે ઉપરાંત ગુજરાત રાજયમાં અલગ અલગ પોલિસ સ્ટેશનમાં ૨૧ ગુનાઓ તથા રાજસ્થાન રાજયમાં ૯ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.




# કલગી રાવલ બની સુગમ્ય ભારત અભિયાનની સોશીયલ એમ્બેસેડર

ગાંધીનગર, તા.૫

કેન્દ્ર સરકારના દિવ્યાંગ વ્યક્તિઓ માટેના ખાસ સુગમ્ય ભારત અભિયાનમાં ગુજરાતની દિવ્યાંગ દિકરી કલગી રાવલની ગુજરાતની સોશિયલ એમ્બેસેડર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિઝન' એવા સુગમ્ય ભારત અભિયાન (Accible india Compaign)માં દેશના દિવ્યાંગ વ્યક્તિઓને 'નોર્મલ લાઈફ' આપવાનો ઉદ્દેશ છે. આ અભિયાનમાં સામાન્ય વ્યક્તિઓને સમકક્ષ દિવ્યાંગોને સ્થાન આપવાનું લક્ષ્ય છે જેમાં ડિજિટલ ટેકનોલોજીથી માંડીને રોજબરોજની કામગીરીમાં દિવ્યાંગોને પડતી અગવડો દૂર કરવા માટેનું અભિયાન છે. ખાસ કરીને સોશીયલ કોમ્પ્યુનિકેશનને એક્સીસીબલ કરવું, રોજગારી આપવી, પબ્લિક ટ્રાન્સપાર્ટમાં દિવ્યાંગો જાતે ફરી શકે તે માટેની વ્યવસ્થા ઉભી કરવી. કેન્દ્ર સરકારના આ અભિયાનમાં ગુજરાતની સોશીયલ એમ્બેસેડર બનેલી કલગી રાવલે પણ દિવ્યાંગો માટેના કેટલાક પ્રોજેક્ટ તૈયાર કર્યા છે. જેના આધારે દિવ્યાંગોને 'નોર્મલ લાઈફ' મળી શકે.




# ચૌધરી કોલેજની વિદ્યાર્થિનીઓએ એનસીસીમાં ગોલ્ડમેડલ જીત્યા

ગાંધીનગર, તા.૫

અમદાવાદના લૉ ગાર્ડન ખાતે યોજાયેલ સીએટીસી કેમ્પમાં પી.કે. ચૌધરી મહિલા કોલેજની ૨૫ કેડેટસે ભાગ લીધો હતો. એન.સી.સી. યુનિટ દ્વારા યોજાયેલ આ કેમ્પમાં પરેડ, ડ્રીલ, વ્યાખ્યાન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ મેડલ પ્રાપ્ત કર્યા હતા. નિરમા ઠાકોર એ વોલીબોલમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, કંચન મકવાણાએ પોસ્ટર મેકિંગમાં 'સ્વચ્છતા' વિષય પર ચિત્ર દોરી પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો. ક્રિષ્ના ચૌધરીએ સિનિયર તરીકેની ભૂમિકા અદા કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો.

આ ઉપરાંત સમૂહનૃત્ય, સમૂહગાન તેમજ ખો-ખો જેવી સ્પર્ધામાં ભાગ લઈને વિદ્યાર્થીનીઓએ ઈનામો તેમજ મીઠાઈ પ્રાપ્ત કરી કેમ્પનું પ્રમાણપત્ર મેળવ્યું હતું. આ દરેક કેડેટસને કોલેજના એન.સી.સી. યુનિટના ઈન્ચાર્જ પ્રો. ડૉ. સોનલ મોદી, આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરી તથા સમગ્ર કોલેજ પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# દર્દીઓની અસરકારક સારવાર માટે તંત્ર દ્વારા ૧૦૮ ગુજરાત મોબાઈલ એપ્લીકેશન તૈયાર

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકારની નોડલ એજન્સી તરીકે જીવીકે ઈએમઆરઆઈ રાજ્યમાં વ્યાપક, ઝડપી અને વિશ્વાસપાત્ર ૧૦૮ની ઈમરજન્સી સેવા પુરી પાડી રહી છે. આ સેવા એ કટોકટીના સમયમાં નાગરીકોને પ્રતિસાદ આપવાની મેડીકલ વ્યવસ્થામાં ક્રાંતિ કરી છે અને ગુજરાત રાજ્યમાં આરોગ્ય સૂચક આંક સુધારાવામાં પણ ખુબ મહત્વની સાબિત થઈ છે. ત્યારે હવે આ ૧૦૮ સેવાને વધુ સુદૃઢ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૮ ગુજરાત મોબાઈલ એપ્લીકેશન અને હોસ્પિટલ માટે વેબ બોઈઝ એપ્લીકેશન તૈયાર કરવામાં આવશે.

આ એપ્લીકેશનના સહયોગથી સિવિલ ખાતે દર્દીને લઈ આવતી ૧૦૮ એમ્બ્યુલન્સની આગોતરી માહિતી જે તે સિવિલને મળી રહેશે. એટલે કે અકસ્માતની જાણ થતા ટ્રોમા સેન્ટર કે ઈમરજન્સી સેન્ટર ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ તથા ડૉક્ટરો એલર્ટ થઈ જશે. આ એપ્લીકેશનને અંતર્ગત ગાંધીનગર સિવિલમાં પણ અનેક સુધારા-વધારા કરવામાં આવશે તેમજ સિવિલમાં નોડલ ઓફિસરની નિમણુંક કરવામાં આવશે. આ અધિકારી ૧૦૮ દ્વારા સિવિલમાં લાવવામાં આવેલ દર્દીઓની માહિતી રાખશે જ્યારે હોસ્પિટલમાં કોમ્પ્યુટર ઈન્ટરનેટની સુવિધા સાથે રાત-દિવસ શરૂ રહે તે રાખવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ એપ્લીકેશન શરૂ થયા પછી એમ્બ્યુલન્સના સ્ટ્રેચરમાંથી તાત્કાલિક સારવાર સુધી દર્દીને પહોંચાડવાની જવાબદારી સિવિલની રહેશે. ૧૦૮ના કર્મચારીઓનો વહીવટી પ્રક્રિયામાં ટાઈમ બગડશે નહી. આ એપ્લીકેશન શરૂ થયા બાદ એમ્બ્યુલન્સની આગોતરી જાણ હોસ્પિટલમાં થઈ જશે. જેને પગલે દર્દીને વધુ સારી અને ઝડપી સારવાર મળી રહેશે તેવુ આરોગ્ય વિભાગના અધિકારીઓનું માનવું છે.

# મનપાની સ્થાયી સમિતિની ૮મીએ મળનારી બેઠક

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનને વેગીલુ બનાવવા માટે શહેર અને ગ્રામીણ વિસ્તારના જાહેર સ્થળો પર મુકવા માટે ૨૦ હજાર જેટલા ડસ્ટબીનની ખરીદી મનપા દ્વારા કરવામાં આવશે.

મનપાની આગામી ૮મીએ મળનારી સ્થાયી સમિતિમાં ૧૨ લીટરની ક્ષમતા ધરાવતા ૧૦ હજાર બ્લ્યુ અને ૧૦ હજાર ગ્રીન ડસ્ટબીનની ખરીદી કરવા માટે કમિશ્નરે કરેલી દરખાસ્ત પર વિચારણા કરી મંજૂરી આપવામાં આવશે.

સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ આવી રહી છે ત્યારે નગરમાં સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવાં તંત્રએ તેની કામગીરી સઘન બનાવી છે. સેક્ટરોમાં નવા ડસ્ટબીનનું વિતરણ પણ શરૂ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરીને પણ સઘન બનાવવામાં આવી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૮મીની સ્થાયી સમિતિમાં ત્રણ નંગ ગાર્બેજ કોમ્પેક્ટર ખરીદવા માટે પણ નિર્ણય લેવામાં આવનાર છે. આ ઉપરાંત વ્યક્તીગત શૌચાલયો નિર્માણ થઈ ગયા છે તેનુ ચુકવણુ કરવા અંગે પણ આ બેઠકમાં નિર્ણય લેવામાં આવનાર છે.



## આર.એન. પટેલ પ્રાથમિક શાળાના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ

શાળામાં અભ્યાસ સાથે સહ અભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે બાળકો માટે પ્રવાસ પર્યટનનું આયોજન કરવામાં આવે છે. સેકટર-૨૩ની શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ધોરણ-૪ના ૮૫ બાળકોને અમરનાથ સ્થળની મુલાકાત કરાવાઈ હતી. જેમાં બાળકોમાં સહભાવના કેળવાય તથા પર્યાવરણ, સ્વચ્છતા, પક્ષીઓ વગેરે અંગે માહિતગાર થાય તે માટે પ્રયાસ કરાયો હતો. બાળકોએ અમરનાથ ખાતે બાર જયોર્તિલિંગના દર્શન કર્યા ત્યારબાદ ટોય ટ્રેન, બ્રેક ડાન્સ, ટોરા-ટોરા, જમ્પિંગ વગેરેમાં બેસીને તેનો આનંદ માણ્યો હતો. આ શૈક્ષણિક પ્રવાસના આયોજનમાં શિક્ષકો નિરવભાઈ પટેલ તથા કાજલબેન પટેલ અને અર્ચનાબેન પટેલ વગેરે જોડાયા હતા અને બાળકોને વનભોજન પણ કરાવ્યું હતું.

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયા ખાતે કર્મચારીઓનું સ્નેહમિલન સમારોહ યોજાયો

### વોર્ડ નં. ૬ના કોર્પોરેટર નાઝાભાઈએ દિવ્યાંગ ખેલાડીઓને ટ્રેકશુટ આપ્યા

ગાંધીનગર, તા. ૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સે. ૧૫ ખાતે આજરોજ નવા વર્ષ નિમિત્તે કર્મચારીઓ દ્વારા સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે વોર્ડ નં. ૬ના કોર્પોરેટર નાઝાભાઈ ધાંધર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં કર્મચારીગણ અને ખેલાડીઓ હાજર રહ્યા હતા.

શહેરના સે. ૧૫ સ્થિત સાઈ ખાતે આજે કર્મચારીઓનું સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાન નાઝાભાઈ દ્વારા દિવ્યાંગ ખેલાડીઓને ટ્રેકશુટ અને અમિતકુમાર સરોહા દ્વારા શુઝ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે હાજર વોર્ડ નં. ૬ના કોર્પોરેટર અને ભાજપના યુવા કાર્યકર નાઝાભાઈ ખુદ પણ શોટ-પુટના રાષ્ટ્રીય ખેલાડી રહેલા છે. તેઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સામે તેઓને દિલથી લગાવ છે. સ્પોર્ટસની કોઈપણ પ્રકારની જરૂર હોય ત્યારે તેઓ હરહંમેશ ખેલાડીઓને પ્રોત્સાહન આપે છે. સાઈ ખાતે પ્રશિક્ષણ મેળવી રહેલા ૧૩ દિવ્યાંગોને મહેમાનોએ ટ્રેકશુટ અને શુઝ ભેટ સ્વરૂપે આપ્યા હતા. આ સ્નેહમિલન સમારોહમાં મોટી સંખ્યામાં કર્મચારીગણ અને ખેલાડીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિરસિંહ ચૌહાણ ઉપનિર્દેશક દ્વારા દરેકનો ખેલ પ્રત્યેનો અભિગમ કેવો હોવો જોઈએ તે જણાવ્યુ હતુ અને દરેક વ્યક્તિનો આભાર વ્યક્ત કર્યો હતો.



# અભદ્ર વિડીયો મામલે બ્રહ્મ સમાજ દ્વારા કાર્યવાહીની માંગ

### દિન-૧૫માં હાર્દિક જેવા દેખાતા અભદ્ર ટીપ્પણી કરનાર વ્યક્તિને પકડવામાં નહી આવે તો આશ્ચર્યજનક વિરોધ પ્રદર્શનો કરાશે : ગાંધીનગર એસપીને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૫

બ્રહ્મસમાજના ચારીત્ર્ય પર અભદ્ર ટીપ્પણી કરી સમાજનું તથા સમાજની માતા-બહેનો અને દિકરીઓનું ઘોર અપમાન કરતો વિડીયો જાહેર કરનાર હાર્દિક પટેલ જેવા દેખાતા શખ્સ સામે ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવાની માંગ સાથે ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકને આજે બ્રહ્મસમાજના યુવા સંગઠન દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર બ્રહ્મસમાજના યુવા અગ્રણી દિવ્ય અશ્વિન ત્રિવેદી સહીતના સમાજના આગેવાનોએ આજે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવી અભદ્ર ટીપ્પણીના વિડીયો રેકોર્ડીંગની નકલ સીડી સ્વરૂપે રજુ કરી છે. બ્રહ્મસમાજનું અપમાન કરનાર હાર્દિક પટેલ જેવો દેખાતો યુવાન તથા તેના મિત્રો સામે ફરીયાદ કરીને ગુનો દાખલ કરવા અને તાત્કાલીક કડક કાર્યવાહી કરી સાચા ગુનેગારોને શોધીને પકડી પાડવાની માંગ સાથે ઉગ્ર રજુઆત કરવામાં આવી છે. સીડીમાં દેખાતા હાર્દિક જેવા માણસને તાત્કાલીક પકડી યોગ્ય કાર્યવાહી દિન-૧૫માં નહી કરવામાં આવે તો બ્રહ્મસમાજના યુવાનો આંદોલન કરી રેલીઓ, સભાઓ તથા પુતળાદહન સહીત આશ્ચર્યજનક કાર્યક્રમો આપશે અને ગુજરાતની અસ્મીતાને કે માલ મિલ્કતને કોઈ પણ જાતનુ નુકશાન થશે તો જવાબદારી સરકારની રહેશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.



# મનપાના અર્બન હેલ્થ મિશનની કમિશનરના અધ્યક્ષપદે બેઠક મળી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાની અર્બન હેલ્થ સોસાયટીની એક મહત્વની બેઠક આજે મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં સંચારી રોગ, માતા મરણ, બાળ મરણ અંતર્ગત વિવિધ કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ૭મી જાન્યુઆરીથી શરૂ થતા મિશન ઈન્દ્રધનુષના આયોજન અંગે પણ વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં માતૃ બાળ કલ્યાણ અંતર્ગત શહેરના દરેક લાભાર્થીને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

શહેરના મેડીકલ ઓફિસર ડૉ. ગોસ્વામીના જણાવ્યાનુસાર મિશન ઈન્દ્રધનષ અંતર્ગત ૧૩ સગર્ભા બહેનો તથા ૯૮ બાળકોને કુલ ૨૯ જેટલા વધારાના સેશન દ્વારા સુરક્ષિત કરવામાં આવશે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે ૨૮-૧-૧૮ના રોજ યોજાનાર પલ્સ પોલિયો અભિયાનમાં ૦ થી ૫ વર્ષની વયના ૨૬,૮૫૨ બાળકોને પણ પોલિયોના ટીપા પીવડાવી રક્ષિત કરવા માટેનું આયોજન હાલ ચાલી રહ્યું છે.

# જિલ્લાની ૧૭ શાળાઓ બીજા સત્રની ફી માટે અરજી કરી શકશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની ૧૭ શાળાઓ જે ફી નિયમન અંગે કોર્ટમાં ગઈ હતી તેઓ તેમની બીજા સત્રની ફી અંગેની દરખાસ્ત ફી નિયમન કમિટીને કરી શકશે.

ફી નિયમન સમિતિ આ અંગે તપાસ કરી અને તેમની ફી વધારાની બીજા સત્રની યોગ્યતા અંગે તપાસ કરી નિર્ણય આપશે.

# એસ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીએ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો

ગાંધીનગર, તા.૫

ગાયત્રી પરિવાર શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા દર વર્ષે 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા' અનુક્રમે શાળા, તાલુકા, જિલ્લા અને રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવે છે. ગત ૨૩મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે શાળા, તાલુકા કક્ષાએ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીઓ માટેની જિલ્લાકક્ષાની પરીક્ષા સેકટર-૧ ખાતે આવેલ ગાયત્રી મંદિર પરિસર તથા હોલમાં યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યાશાળા, સેકટર-૨૩ની ધોરણ-૧૧, વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ચોસલા કિંજલ પુનમભાઈએ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો અને રાજયકક્ષાની પરીક્ષા માટે પસંદગી પામી હતી તે બદલ શાળાના આચાર્યા સુપરવાઈઝર્સ તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ટુંકી મુદતની જાહેર નિવિદા

નાયબ ખેતી નિયામક (તાલીમ) ખેડૂત તાલીમ કેન્દ્ર, ખેડબ્રહ્મા -વ- પ્રોજેકટ ડાયરેકટર(આત્મા) સાબરકાંઠા અને અરવલ્લી તરફથી વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કરવામાં આવનાર ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓ માટે સાબરકાંઠા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ માટે ટ્રાવેલ્સ, ખેડૂત તાલીમ કેન્દ્ર, ખેડબ્રહ્મા માટે ટ્રાવેલ્સ, સ્ટેશનરી અને ઓફિસ કામગીરી માટે જીપ / ગાડી ભાડે રાખવા તથા અરવલ્લી જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ માટે ટ્રાવેલ્સ, મંડપ ડેકોરેશન તથા કેટેરીંગની કામગીરી માટે નીચેની વિગત મુજબ રજી.પો.એ.ડી.થી નિયત તારીખ સુધીમાં અત્રેની કચેરી દ્વારા નિયત ટેન્ડર ફોર્મમાં ભાવો મંગાવવામાં આવે છે. આથી રસ ધરાવતા ઈસમો / પાર્ટીઓએ નિયત કરેલ ટેન્ડર ફી રૂ. ૧૦૦/- (નોન રીફંડેબલ) ભરી નિયત તારીખ સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડરો નિયત તારીખ સુધીમાં રજી.પો.એ.ડી.થી નીચે જણાવેલ કચેરીને મોકલી આપવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતો કચેરી સમય દરમિયાન કચેરી ખાતેથી રૂબરૂ જાણી શકાશે.

**ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ : ૮/૧/૨૦૧૮ થી ૧૦/૧/૨૦૧૮**
**ટેન્ડર પરત લેવાની તારીખ : ૧૭/૧/૨૦૧૮**
**ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ : ૧૯/૧/૨૦૧૮**
**ટેન્ડર મેળવવાનું અને પરત કરવાનું સ્થળ : પ્રોજેક્ટ ડાયરેકટર, (આત્મા)**
**આત્મા પ્રોજેક્ટ, ઠ/. નવી જિલ્લા પંચાયત, બાય-પાસ રોડ, હિંમતનગર, જિલ્લો : સાબરકાંઠા**

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૫૪૩/૨૦૧૭-૧૮

## ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.

**જાહેર નિવિદા ક્રમાંક : ૧૮/૧૭-૧૮**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરીના વાર્ષિક અહેવાલ પ્રિન્ટ કરવાના થતા હોવાથી અનુભવી પ્રીન્ટીંગ એજન્સી પાસેથી તેમના લેટરપેડ પર નીચેની વિગતે ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | કુલ નકલ | ભાવ પ્રતિ નકલ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧. | ● ટાઈટલ પેજ ૨૩૦ જીએસએમ ફોર કલર પ્રીન્ટીંગ વીથ લેમીનેશન.<br>● ૧/૪ ક્લે સાઈઝ ૪૨ પેઝ ૮૪ સાઈડ<br>● ઈનર પેજીસ ૧૮.૧ મેપલીથો વ્હાઈટ પેપર બ્લેક કલર પ્રીન્ટીંગ<br>● સેન્ટર પીન બાઈન્ડીંગ | અંગ્રેજી ૧૦૦ નકલ | | |
| ૨. | ● ટાઈટલ પેજ ૨૩૦ જીએસએમ ફોર કલર પ્રીન્ટીંગ વીથ લેમીનેશન.<br>● ૧/૪ ક્લે સાઈઝ ૪૫ પેઝ ૯૦ સાઈડ<br>● ઈનર પેજીસ ૧૮.૧ મેપલીથો વ્હાઈટ પેપર બ્લેક કલર પ્રીન્ટીંગ<br>● સેન્ટર પીન બાઈન્ડીંગ | ગુજરાતી ૧૦૦ નકલ | | |
| | | કુલ સરવાળો | | |

ઉપરોક્ત દર્શાવેલ વિગત મુજબના ભાવો અત્રેની કચેરીને તા. ૧૨/૧/૨૦૧૮ સુધીમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી મોકલી આપવાના રહેશે. ભાવપત્રકના કવર પર 'પ્રીન્ટીંગ માટેના ભાવ' એમ અવશ્ય દર્શાવવાનું રહેશે. ભાવો બધા જ પ્રકારના ટેક્ષ સાથે દર્શાવવાના રહેશે. દર્શાનેલ ન્યુનત્તમ કુલ સરવાળાની રકમવાળા ભાવો ગ્રાહ્ય રાખવામાં માટે ધ્યાનમાં લેવામાં આવશે.
પસંદગી પામેલ એજન્સીએ ઉપરોક્ત દર્શાવેલ બુકલેટની નકલો ઓર્ડર મળ્યેથી દિન-૪માં તૈયાર કરી આપવાની રહેશે.
કોઈ એક અથવા બધા ભાવપત્રક રદ કરવા કે સ્વિકારવા તે અંગે નિગમને અબાધિત અધિકાર છે.

**જનરલ મેનેજર (પ્રોજેક્ટ)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.,**
**ભોયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર**

માહિતી/૨૩૮૯/૧૭-૧૮